
## વડીલોને વંદન અભિનંદન



જે. એસ. ઠાકર
(૧૯૪૯) ફોન: ૨૩૨૪૭૭૯૦

# કંસારી ગામે ટોલટેક્ષ પર લૂંટ થતી હોવાનો વાહન ચાલકોનો આક્ષેપ

ડીસા, તા.૭

ડીસા તાલુકાના કંસારી ગામ પાસે રણજીત ટોલટેક્ષ ચાલી રહ્યું છે ચાલકો જણાવી રહ્યા છે.

કંસારી ટોલટેક્ષ પર વાહનો ની એન્ટ્રી થાય છે કે નહિ તે તપાસ કરવું ટોલટેક્ષના થોડા જ અંતરે રોડ દબાઈ ગયો છે અને રોડ પર પડેલા ખાડાનો ભોગ વાના વાહન ચાલકો બને છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

જયાં વાહન ચાલકો પાસેથી ટેક્ષ ઉઘરાવવામાં આવે પણ વાહન ચાલકોને પુરતી સુવિધા ન અપાતી હોવાની વાહન ચાલકોમાં ફરિયાદ ઉઠવા પામી છે અને ટોલટેક્ષના સંચાલકો દ્વારા ફકત ને ફકત પેસા જ ઉઘરાવાયા છે પણ રોડની સારી સુવિધા આપતા નથી તેવું વાહન જરુરી બની ગયું છે. વાહન ચાલકો પાસેથી પૈસા ઉઘરાવી લે છે પણ વાહનોની એન્ટ્રી ન કરાતી હોવાનું વાહન ચાલકોએ જણાવ્યું હતું. તો બીજો પ્રશ્ન એ થાય છે કે વાહન ચાલકો ટોલટેક્ષ ભરે તેના બદલામાં તેમને સારા રોડની સુવિધા આપવામાં આવે તે પણ આ ટોલટેક્ષ પર નથી. આ રોડ પર પડેલા ખાડાના કારણે અનેકવાર અકસ્માત સર્જાઈ ચુકયા છે અને કેટલાક લોકો તો મોતને પણ ભેટયા છે પણ ટોલટેક્ષના સંચાલકોને તો ફકત પૈસાની જ પડી છે. જેથી તંત્ર આવા ટોલટેક્ષના મેનેજર સામે કાર્યવાહી કરે તેવી વાહનચાલકોની માંગ છે.

## ગુજરાત ક્ષત્રિય સભા દ્વારા અમદાવાદનું નામ કર્ણાવતી કરવા માંગ

ગાંધીનગર, તા. ૭

અમદાવાદ શહેરના નામને લઈને મોટો ઈશ્યુ ઉભો થયો છે. અમદાવાદનું નામ કર્ણાવતી કરવા માટે શહેરની જનતાનો અવાજ ઉઠવા લાગ્યો છે. હાલમાં જ અહમદાવાદની જગ્યાએ અમદાવાદ નામ કરવા મંજુરી માટે મોકલવામાં આવ્યું છે ત્યારે ગુજરાત ક્ષત્રિય સભાના પ્રમુખ કરણસિંહ ચાવડાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગુજરાતના રાજા કર્ણદેવ વાઘેલા દ્વારા નગરની સ્થાપના કરવામાં આવી હતી. અને યોગ્ય વિકાસ કર્યો હતો. ત્યારે અમદાવાદની જગ્યાએ કર્ણાવતી નામ થવુ જોઈએ જેથી નગરની અસ્મિતાને પુનઃ સ્થાપિત કરી શકાય.



# વાવોલના શાલ્વિક હોમ્સમાં નવચંડી યજ્ઞ અને તેજસ્વી તારલાઓનું સન્માન કરાયુ

વાવોલમાં આવેલ શાલ્વિક હોમ્સ સોસાયટી ખાતે તાજેતરમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમોમાં નવચંડી યજ્ઞ તેમજ સોસાયટીના પ્રવેશ દ્વારે સમૃદ્ધિ અને સલામતી માટે ગણપતિદાદા અને હનુમાનદાદાની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. નવચંડી યજ્ઞમાં સોસાયટીના પ્રમુખ નિલેશસિંહ વાઘેલા સહિત અન્ય સભ્યોએ પરિવાર સહિત ભાગ લીધો હતો. આ સાથે સોસાયટીના તેજસ્વી તારલાઓનું પણ સન્માન કરાયું હતું.

(તસવીર : વિપુલ ચૌહાણ)

## ભાજપ મહાનગર યુવા મોરચાના પ્રમુખપદે મયુર પટેલની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર ભારતીય જનતા પાર્ટી મહાનગરના યુવા મોરચાના પ્રમુખ પદે



મયુર પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. ભાજપના કાર્યાલય શ્રીકમલમ્ ખાતે તા. ૩ જી જુલાઈએ શહેર પ્રમુખ નીતિનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી મીટીંગમાં સર્વાનુમતે આ નિર્ણય લેવાયો હતો.

મયુર પટેલ ગાંધીનગર ભાજપ યુવા મોરચાનું ઉપપ્રમુખ પદ સંભાળી રહ્યા હતા. પ્રમુખ પદમસિંહ ચૌહાણે તેમના હોદ્દા પરથી રાજીનામુ આપતા મયુર પટેલની સર્વનામતે વરણી કરાઈ હતી. ભારતીય જનતા પાર્ટીના ગાંધીનગર મહાનગર યુવા મોરચાના પ્રમુખ પદે નવયુવાન મયુર પટેલની વરણીને સર્વ પદાધિકારીઓ યુવા મોરચાના હોદ્દેદારો અને કાર્યકરોએ હર્ષભેર વધાવી અભિનંદન પાઠવ્યા હતા.

# મહિલાઓના વિકાસ સ્ત્રી સશક્તિકરણથી ગુજરાતનો વિકાસ અનેક ગણો વધશે : ડૉ. નિમાબેન

ગાંધીનગર, તા. ૭

રાજયમાં મહિલાઓના આર્થિક ઉત્કર્ષ અને સશક્તિકરણ માટે રાજ્ય સરકારે અનેકવિધ યોજનાઓ અમલમાં મુકતા મહિલાઓના વિકાસ અને સ્ત્રી સશક્તિકરણથી ગુજરાતનો વિકાસ અનેક ગણો વધશે એમ ભૂજના ભાજપના ધારાસભ્ય ડૉ. નિમાબેન આચાર્યએ જણાવ્યું હતું.

વિધાનસભા ગૃહમાં આજથી શરૂ થયેલી અંદાજપત્ર પત્રની સામાન્ય ચર્ચામાં ભાગ લેતા ભૂજના ધારાસભ્ય ડૉ. નિમાબેન આચાર્યએ અંદાજપત્રને અનુમોદન આપતા જણાવ્યું હતું કે ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીએ મહિલાઓને કેન્દ્રમાં રાખીને મહિલાઓના આર્થિક ઉત્કર્ષ અને સ્ત્રી સશક્તિકરણ માટેની ૭૨ થી પણ વધુ યોજનામાં બજેટ ફાળવ્યું છે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની પ્રસંસા કરતા તેમણે જણાવ્યું હતું કે ગુજરાતનો સર્વાંગી વિકાસ સાધવામાં આવ્યો છે. જેના કારણે લોકો અન્ય રાજ્યોમાંથી રોજગારી માટે ગુજરાતમાં આવતા થયા છે. ગુજરાતમાં તેર વર્ષમાં જે વિકાસ કરવામાં આવ્યો છે તેના કારણે લોકો રોજગારી માટે ગુજરાતમાં આવતા શહેરીકરણ વધવા પામ્યું છે. ૪૦ ટકાથી વધારે શહેરોની વસ્તી વધી છે.

તેમણે જણાવ્યુ હતુ કે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની અંદર રસ્તાઓ બનાવવામાં આવતા ગૌરવપથ બનાવવામાં આવ્યા તેમજ ભૌગોલિક સામાજીક ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભા કરવામાં આવ્યા.

કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કરતાં તેમણે જણાવ્યું હતું કે તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં પ્રજાએ ભાજપને ભવ્ય વિજય આપીને દેશની પ્રજાએ નંબર વન ગણાવી લીધા અને ગુજરાત મોડેલને પ્રથમ નંબર સમગ્ર દેશમાં રાખીને સ્વીકૃતિ આપી દીધી અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાન બની ગયા.

## તલોદ પાલિકાના હોદ્દેદારોની બેઠક યોજાઈ

તલોદ, તા. ૭

રાજ્ય સરકાર દ્વારા તલોદ પાલિકામાં ગટર યોજનાનું કામ જોરસોરથી ચાલતા ટુંકા ગાળામાં કોન્ટ્રાક્ટરની ઝડપી કામગીરીથી પૂર્ણતા આવી ગઈ છે.

સરકારી ટેન્ડર મુજબ પાણી નિકાલ ઝડપી બને તે આશયથી ઠેર-ઠેર પમ્પીંગ સ્ટેશન બનાવવા જગ્યાની માંગણી માટે અગત્યની બેઠક યોજવામાં આવી હતી. ગટર કામથી ઠેરઠેર ખાડા ટેકરા અને માર્ગો ડાન્સીંગ બની જતા પાલિકાના હોદ્દદારોએ નગરજનોને ચોમાસામાં મુસ્કેલી અંગે પણ ચિંતા વ્યક્ત કરાઈ હતી તેમજ પીવાના પાણીની પાઈપો નુકશાની બની ચોમાસુ પાણી ભળી જવાની સંભાવના અને તેના દ્વારા ફેલાતી બિમારીના નિવારણ અંગે પાલિકાએ પૂર્વ પગલા લેવાની પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

● ગાંધીનગર જિલ્લામાં ઝૂંપડા

કોંગીના શ્રી ગ્યાસુદીન શેખે ગાંધીનગર જિલ્લામાં ઝૂંપડા અને ઝૂંપડપટ્ટીની ગણતરી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્ય ગ્રામ ગૃહ નિર્માણ અને પંચાયત મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે આવી ગણતરી ૨૦૧૩-૧૪ના વર્ષ દરમ્યાન કરવામાં આવી હતી.

જેમાં ગાંધીનગર જિલ્લામાં કાચા આવાસની સંખ્યા ૩૭,૧૭૮ જણાઈ છે. ગાંધીનગર તાલુકામાં કાચા આવાસ ૧૪,૯૨૭, દહેગામમાં ૧૩,૭૮૬, કલોલમાં ૩૫૦૯ અને માણસામાં ૪૯૫૬ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં કાચા મકાનો પાકા કરવા સરદાર આવાસ યોજના-૨, ૧૮-૨-૧૪ થી અમલમાં મુકેલ છે.

● કલોલ તાલુકામાં વેચાણવેરાની બાકી

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે કલોલ તાલુકામો ઔદ્યોગિક એકમો પાસે વેચાણવેરાની બાકી વસુલાત અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાણાંમંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે ૨૫૦ થી વધુ એકમો પાસે રૂ. ૫૩.૧૨ કરોડની વસુલાત બાકી છે.

## જિલ્લાનો રૂર્બન પ્રોજેક્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાંધેજા ગામે તેના લોકાર્પણ વખતે પણ ગ્રામજનો ગટર જોડાણોથી વંચિત રહ્યાનીફરિયાદો ઉઠી હતી પરંતુ મંત્રીશ્રીએ તે વખતે બધાને ટુંકમાં સમાવી લેવાશે તેવી હૈયાધારણ આપી હતી પરંતુ પછી કોઈ કામગીરી થઈ નથી.

આ પ્રોજેક્ટ હેઠળ પાણી અને રસ્તાની કામગીરી હજુ પણ બાકી છે. જો કે ઝોનનાની બાકી કામગીરી હવે ક્યારે થશે તેની સામે પ્રશ્નાર્થો છે. ૧૦ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોને સમાવવાની વાત આ પ્રોજેકટમાં કરાઈ હતી. જે ઉલ્લેખનીય છે.

## સમી-હારીજ જીન સહકારી મંડળી ફડચામાં

પાટણ જિલ્લાના હારીજ તાલુકાની સમી-હારીજ જીન સહકારી મંડળી હાલ ફડચામાં ગઈ છે. આ મંડળીમાં જે કોઈ શખ્સ અથવા હિત સંબંધ ધરાવનારાઓનું જે કાંઈ લ્હેણું કે માંગણું હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી બે માસમાં તે અંગના પુરાવાઓ સહીત નોંધણી કરાવવાની રહેશે. જે કોઈ વ્યકિત નોંધણી કરાવવાનું ચુકી જશે તો પાછળથી તેમનું લ્હેણું કે માંગણું નોંધવામાં આવશે નહી અને મંડળીના ચોપડા પ્રમાણે મંડળીને આટોપી લેવાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવશે જેની દરેકે નોંધ લેવા ફડચા અધિકારી અને સહકારી અધિકારી દ્વારા જણાવાયું છે.

## જિલ્લા ફેરબદલી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરખાસ્ત આધાર પુરાવા સાથે તા. ૧૫-૭-૨૦૧૪ સુધીમાં ઓફિસ સમય દરમિયાન જિલ્લા શિક્ષણ સમિતિ, અમદાવાદ ખાતે મોકલી આપવા જણાવવામાં આવે છે. ત્યારબાદ આવેલ દરખાસ્તોને એકતરફી જિલ્લા ફેરબદલી-૨૦૧૪માં ધ્યાને લેવામાં આવશે નહીં તેમ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, અમદાવાદની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ભાડાનો દર ઘટાડવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓપન એર થીએટર તૈયાર થઈ ગયા બાદ લાંબા સમયના અંતે તેની લોકાર્પણ વિધિ યોજવામાં આવી હતી. જયારે થીયેટરની ફાળવણી અન્વયે ઢગલાબંધ શરતોનું પાલન કરવું પડે તે મુજબના નિયમો પણ વિભાગ કક્ષાએ થી નિયત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ભાડાના દર પણ ઉંચા હોવાનું ધ્યાને આવ્યું છે. બીજી તરફ લગ્ન પ્રસંગ માટે આ થીયેટર ભાડેથી ફાળવવા માટે મનાઈ ફરમાવવામાં આવી છે. જેના પરિણામે ત્રણ વર્ષના અંતે પણ ઓપન એર થીયેટર સાચા અર્થમાં લોક ઉપયોગી બની શક્યું નથી. બીજી તરફ લાંબા સમયથી બિન ઉપયોગી ભાસતા આ થીયેટરમાં અસામાજિક -વૃત્તિઓ થતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે ઓપન એર થીયેટરના તોતિંગ ભાડામાં સુધાર લાવવા તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. હાલ એક શીફ્ટનું ભાડું ૧૦ હજાર નક્કી કરવામાં આવ્યું છે. જેમાં ૫૦ ટકા ઘટાડો કરવા પણ દરખાસ્તમાં સુચવાયું છે.

## શબ્દાવલી - ૫૪૪૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | |
| | ■ | ૫ | ૬ | | ■ | | ■ |
| ૭ | ૮ | | | ■ | ૯ | | |
| ■ | ૧૦ | | | ૧૧ | ■ | | ■ |
| ૧૨ | | ■ | ૧૩ | | ૧૪ | ■ | ૧૫ |
| | ■ | ૧૬ | ■ | ૧૭ | | | |
| ૧૮ | | | | ■ | | ■ | |
| | ■ | | ■ | ૧૯ | | | ■ |

### આડી ચાવી

૧. બહાદૂરી, ધૈર્ય (૩)
૩. એકદમ જડમૂળથી (૪)
૫. કૂડાકચરા જેવું પાણી (૩)
૭. હિન્દી ફિલ્મ, તોફાન જેવો અર્થ થાય (૪)
૯. ધંગધડા વગરનું, ગંદુ (૩)
૧૦. આશિર્વાદ, દેવીદેવતા દ્વારા અપાય તે..., તથાસ્તુ (૪)
૧૨. ગાયન, ગાવું (૨)
૧૩. રીત-રીવાજ (૩)
૧૭. લખપતિ, તાલેવંત (૪)
૧૮. રાગ-આસક્તિ વિનાનું(૪)
૧૯. ચીલાચાલુ, નવું ના હોય તેવું (૩)

### ઊભી ચાવી

૧. હિંડોળા, ખાટ (૩)
૨. ઝગડો, ટંટો (૪)
૩. સમતોલપણુ, મગજની સ્થિરતા (૨)
૪. મુલવવું તે, કિંમત કરવી(૪)
૬. શક્તિશાળી, દમવાળુ (૪)
૮. હોમ, યજ્ઞ (૩)
૧૧. મૂળ, ઉત્પત્તિસ્થાન (૩)
૧૨. વાદળાની ગર્જના અને વીજળી (૪)
૧૪. 'હેમખેમ' શબ્દ આડોઅવળો (૪)
૧૫. વખાણને હિન્દીમાં... કહેવાય (૩)
૧૬. સંસારમાં આસક્તિ ના રહેવી (૩)

### શબ્દાવલી ૫૪૩૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગૃહકામ (૫) ટોપલો (૮) હીણપત (૯) ગબા (૧૦) મલાજો (૧૪) તાંદળજો (૧૬) પુલકીત (૧૮) કવિ (૨૦) ચમકાર (૨૧) પરત (૨૨) ઘાત (૨૩) રદ (૨૪) પવન

**ઊભી ચાવી :-** (૧) ગૃહિણી (૨) હણ (૩) કાપ (૪) મતમતાંતર (૬) પગ (૭) લોબાન (૧૧) લાદ (૧૨) જાળ (૧૩) ચલમ (૧૫) જોકર (૧૬) પુચકાર (૧૭) કીકારો (૧૯) વિતરણ (૨૧) પતન (૨૨) ઘાવ

## વિચાર સભા... ● બીજા પાનાનું ચાલુ

સામનો પણ કરવો પડે છે. પરંતુ પોતાનાથી શક્ય હોય તેટલું જ કામ કરવું અને પ્રયત્ન છતાં નિષ્ફળતા પ્રાપ્ત થાય તે માટે સજ્જન રહેવું તેને મંજૂર નથી! સફળ હોવું એ સારી બાબત છે પણ કોઈ પણ ભોગે સફળ થવું એ તેની ખોટ હઠ છે! શ્રી જગજીવન મહેતા લખે છે કે, ''દરેક માણસ કરોડપતિ ન બની શકે, દરેક માણસ મહારાણા પ્રતાપ કે ગાંધી ન બની શકે. પણ દરેક માણસ જાતમહેનત કરી શકે, પોતાનું શરીર તંદુરસ્ત રાખી બીજાને મદદરૂપ બની શકે, દુઃખીનું દુઃખ દૂર કરવા પુરૂષાર્થ કરી શકે અને અંતે, વૃક્ષ પરથી પાકું ફળ જેમ ખરી પડે તેમ, પોતાનું આયુષ્ય પૂરું થતાં ઈશ્વરને ખોળે જવા તત્પર બની શકે.''

સુમંત દેસાઈએ લખેલી એક નાનકડી વાર્તા છે.

એક માણસનું જીવતું ઝેર થઈ ગયું. આશાનું એક નાનકડું કિરણ પણ કયાંક નજરે ચડતું નહોતું. એને થયું કે આ જીવનનો અંત લાવ્યે જ છૂટકો. શહેરની વચ્ચેની રેલવે પસાર થાય ત્યાં જઈને, ગાડી આવે ત્યારે પાટા પર પડતું મૂકવાનું તેને નક્કી કર્યું. પણ ઘરેથી નીકળતાં બીજો પણ એક સંકલ્પ કર્યો કે, રસ્તામાં જે માણસો મળે તેમાંથી એકાદ પણ જો એના તરફ જોઈને જરાક સ્મિત કરે, એ સ્મિત વડે એના અંતરમાં લગીર હૂંફ પ્રગટાવે, તો મરવાની યોજના પડતી મુકીને ઘરે પાછા ફરી જવું.

... હવે એ વાતને ત્યાં રાખીએ. એ માણસનું પછી શું થયું, તે જવા દઈએ. પણ એક સવાલ થાય છે : એ માણસ ઘરેથી નીકળ્યો પછી રસ્તામાં કદાચ તમે જ એને સામા મળ્યા હોત તો? - બોલો, એનું શું થાત? ત્યાંથી ઘરે પાછા ફરવાનું કારણ તમે એને આપી શક્યા હોત? જરા વિચારી જોજો!

હેડફોન કાનમાં ભરાવીને ગીતો સાંભળતા અને પોતાની જ દુનિયામાં મસ્ત રહેનારા એક સમસ્ત વર્ગને આજથી જ કોઈ દુઃખી, ક્ષુબ્ધ કે હતપ્રભ બનેલી પ્રત્યે અનુકંપા રાખવાની શરૂઆત કરી દેવી જોઈએ! દઢ મનોબળવાળી વ્યક્તિઓએ સામૂહિકપણે સમાજને નિરાશા અને હતાશાની ઊંડી ખીણમાંથી ઉગારી લેવાની ઝુંબેશ આદરવાની સખત જરૂરિયાત વર્તાઈ રહી છે! તો આવો આજથી જ આ માટે કાર્યરત થવાનો શુભ સંકલ્પ કરીએ!

જે પ્રકાશ
આપણી આંખોના દીવાને હોલવી નાખે
તે આપણી માટે અંધકાર છે.
આપણે જાગૃત બનીએ
તે જ દિવસને ઊગેલો સમજવો.
દિવસનું વધારે પ્રાકટ્ય
તો હજુ હવે થવાનું છે.
સૂર્ય તો માત્ર પ્રભાત - તારક છે.

## ટેટની પરીક્ષામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુલક્ષી જાહેરાત બહાર પાડવામાં આવી હતી પરંતુ ટેટની પરીક્ષામાં સી.પી.એડ.ના તાલીમાર્થીઓનો સમાવેશ ન થતા આ તાલીમાર્થીઓમાં આક્રોશ ભભુક્યો છે. ટેટની પરીક્ષામાં સી.પી.એડ.નો સમાવેશ ન થાય તો આ અભ્યાસક્રમનો અર્થ શુ એવી લાગણી સાથે આ તાલીમાર્થીઓ સે. ૬ સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે એકત્રિત થયા હતા. અંદાજિત ૭૦ જેટલા સી.પી.એડ.ના ઉમેદવારોએ પરીક્ષા બોર્ડની આ નીતિ સામે આક્રોશ ઠાલવ્યો હતો. આ પૈકી તેમના પ્રતિનિધિમંડળે ટેટની પરીક્ષામાં સી.પી.એડ.નો સમાવેશ કરવાની માંગ સાથે મુખ્યમંત્રીને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. આ તબક્કે ઉમેદવારોની માંગણી ન સંતોષાય તો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## ૧૦૮ સેવાને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ખેડૂતોના હિતમાં કૃષિ પેદાશો માટે ગોડાઉનની આવશ્યકતા માટે વિશેષ ભાર મુક્યો છે, એમ કહીને શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતોને ગોડાઉનના બાંધકામ માટે સબસીડી આપવાની પણ રાજ્ય સરકારે જોગવાઈ કરી છે. સખી મંડળોની બહેનો માટે પણ ગોડાઉન બાંધી શકે એવું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યના અંદાજપત્રની કુલ રકમમાંથી ૪૮.૭૬ ટકા રકમ તો શિક્ષણ, આરોગ્ય જેવીપાયાની બાબતો માટે ફાળવવામાં આવી છે. મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, શિક્ષણના વિકાસ માટે આ અંદાજપત્રમાં રૂ. ૨૨,૭૭૪ કરોડ જેટલી માતબર રકમ ફાળવવામાં આવી છે. તુલના કરતાં તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા ૧૫ વર્ષમાં ગુજરાતમાં ૧,૪૪,૮૬૪ પ્રાથમિક શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. ૨,૧૫૯ જેટલા મુખ્ય શિક્ષકોની નિમણૂંક કરવામાં આવી છે. જયારે ૧,૦૪,૬૩૭ જેટલા શાળાના નવા ઓરડાનું બાંધકામ કરાયું છે.

ગુજરાતમાં પ્રતિદિન ૨૪ લાખ જેટલા મુસાફરો ગુજરાત સરકારની એસ.ટી. બસોમાં મુસાફરી કરે છે. એસ.ટી.નો ઉપયોગ કરતા રાજ્યના ઉતારૂઓ પર ૧૭.૫ ટકા જેટલો પેસેન્જર ટેક્સ લેવામાં આવતો હતો. આ અંદાજપત્રમાં રાજ્ય સરકારે ૧૦ ટકા ટેક્ષ પાછો ખેંચી લેવાની જાહેરાત કરી છે. મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે એવી પણ જાહેરાત કરી હતી કે, રાજ્ય સરકાર આ વર્ષે ૧૦૦ નવી એમ્બ્યુલન્સ વસાવીને ૧૦૮ યોજનાને વધુ મજબૂત કરશે.

## રેલવે બજેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોચની જાહેરાત કરી શકે છે. ચાલતી ટ્રેનમાંથી પડવાના લીધે મોતને રોકવાના હેતુસર પણ કેટલાક પગલા લેવામાં આવી શકે છે. ધાર્મિક સ્થળોને જોડતી સર્વિસ અને આ સ્ટેશનનો સુધી નવી ટ્રેનની જાહેરાત કરવામાં આવી શકે છે. રેલવે બજેટમાં હાઈસ્પીડ ટ્રેનની જાહેરાતની પણ શક્યતા છે. ભૂતપૂર્વ રેલવેમંત્રી મલ્લિકાર્જુન ખગડેએ વચગાળાનું રેલવે બજેટ ૧૨મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કર્યું હતું જેમાં ૧.૬૫ લાખ કરોડના મહેસુલી ટાર્ગેટની વાત કરાઈ હતી જે પૈકી ચીજવસ્તુઓમાંથી ૧.૦૬ લાખ કરોડ અને યાત્રી ભાડામાંથી ૪૫૨૫૫ કરોડ ઉભા કરવાની વાત કરાઈ હતી. રેલવે ૬૪૦૦૦ કરોડની વાર્ષિક યોજનાને જાળવી રાખે તેવી શક્યતા છે. ડબ્બાઓની ક્ષમતા વધારવાની પણ જાહેરાત થશે. ૯૦ વધારાની ટ્રેનોની બાબતને ધ્યાનમાં લઈને કોચ હાઉસને વિસ્તૃત કરવામાં આવશે. બજેટમાં પાર્સલ ટર્મિનલ માટે પણ કેટલીક જાહેરાત કરવામાં આવી શકે છે. રેલવે બજેટમાં જુદા જુદા રાજ્યો અનેક નવી ટ્રેનની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ ગુજરાત માટે કેટલી જાહેરાત કરવામાં આવે છે તે બાબત મહત્વપૂર્ણ રહેશે.ાયાત્રી ભાડા અને નૂરના દરમાં હવે કોઈ વધારો કરવામાં આવે તેવી શક્યતા નથી. જો કે વધારાના સંશાધનો ઉભા કરવા માટે કેટલાક નવા પગલાની જાહેરાત થઈ શકે છે. રેલવે બજેટમાં યાત્રીઓની સુવિધા વધારવા સાથે સંબંધિત શ્રેણીબદ્ધ નવી જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. રેલવે મંત્રાલય આગામી રેલવે બજેટમાં યાત્રીઓની સુરક્ષા વધારવાના પગલા હેતુ રેલવે ટ્રેકની સાથે સાથે આ વખતે એક્સરે સિસ્ટમ સ્થાપિત કરવાની દરખાસ્ત રજૂ કરે તેવી શક્યતા છે.

આ નવી સિસ્ટમ મારફતે ટ્રેનમાં ખરાબ થયેલા અને બગડી ગયેલા પાર્ટ અંગે માહિતી મળી શકશે. લાંબા સમયથી પેન્ડિંગ રહેલા આરપીએફ જવાનો માટે એક નવી ટ્રેનિંગ એકેડમીની દરખાસ્તને પણ રેલવે બજેટમાં સામેલ કરવામાં આવે તેવી શક્યતા છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર પ્રથમ રેલવે બજેટ રજૂ કરવા જઈ રહી છે. રેલવેના સુત્રોના કહ્યું છે કે ટ્રેકસાઈડ એક્સરે સિસ્ટમ કેટલાક સ્થળો પર ટ્રેકની સાથે સ્થાપિત કરાશે. આનાથી એન્જિન, કોચ અને ડબ્બામાં પાર્ટમાં રહેલી ખરાબીને જાણી શકાશે. આ એક્સરે સિસ્ટમ બિયરિંગ, ટાયર અને બ્રેક ડિસ્ક વધારે ગરમ થવાના મામલે પણ માહિતી મેળવી શકશે. રેલવે મંત્રાલયની મોટી જવાબદારી સંભાળી લીધા બાદ ગૌડા હમેંશા કહેતા આવ્યા છે કે યાત્રીઓની સુરક્ષાને વધારવાને તેઓ પ્રાથમિકતા આપશે. ગૌડાએ આ દિશામાં તમામ પગલા લેવાની વાત કરી હતી.માનવરહિત ક્રોસિંગને તબક્કાવાર રીતે દુર કરવાની તેની મુખ્ય ભલામણ છે. ગૌડાના પ્રથમ બજેટમાં આની જાહેરાત પણ કરવામાં આવી શકે છે. દેશમાં આશરે ૧૨૦૦૦ માનવરહિત ક્રોસિંગ છે. જ્યાં સૌથી વધારે દુર્ઘટના થાય છે. આ સ્થળો પર રેલવે અકસ્માતો પૈકી ૪૦ ટકા અકસ્માત થાય છે. રેલવે પ્રધાન ગૌડા રેલવેને કટોકટીમાંથી બહાર કાઢવાના હેતુ સાથે બજેટ રજૂ કરનાર છે. મોદી સરકારના રેલવે બજેટમાં લોકોને ખુબ અપેક્ષા છે.

## ગુમરાહ કરી છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ સંમત હતાં. ભાજપ સરકારે ૨૦૧૦માં નર્મદા પુરી કરીશું એવા વાયદા કર્યા હતા પરંતુ આ બજેટમાં ૨૦૧૬માં નર્મદા પુરી થશે તો એક એવી ગુનાહિત બેદરકારી કહેવાય તેવો આક્ષેપ કર્યો હતો.

મધ્યપ્રદેશની ભાજપ સરકારે નર્મદાનું પાણી જે ઈન્દિરા સાગરમાંથી જે સરદાર સરોવરમાં આવતું હતું એ રોકયું છે. જેના લીધે હાઈડ્રોપાવરનું વીજ ઉત્પાદન એક મહીનાથી બંધ થઈ ગયું છે એમ તેમણે જણાવ્યું હતું.

નર્મદાનું પાણી લોકોને સરકાર આપી શકવાની ન હોય તો હું માનું છું કે એ રાજય સરકારની બેદરકારી છે. એમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે ટોટલ કમાન્ડ એરિયા ૧૭.૯૨ એ બધામાં જૂન ૨૦૦૭માં ૩.૫૬ લાખ હેકટર પોટેન્શિયલ પિરિયડ હતો.

તેમણે જણાવ્યું હતું કે ભાજપે પોતાના ઢંઢેરામાં દર વર્ષે લગભગ ૫૦૦ થી ૧૦૦૦ મેગાવોટનો વધારો કરશે એવું કહેલું પરંતુ ૨૦૦૨માં જે ઈન્સ્ટોલ્ડ કેપીસિટી હતી ૪૯૬૦ મેગાવોટ એ આજે ૨૦૧૪માં પણ રિયલ કેપેસિટી ૫૪૯૬ મેગાવોટ છે એટલે લગભગ ૫૦૦ મેગાવોટનો વધારો આટલા વર્ષોમાં એમણે કર્યો છે તેવો સવાલ કર્યો હતો. ભાજપને મત લેવા છતાં ખેડૂતોને સબસીડી આપવામાં તકલીફ છે એવો આક્ષેપ કરતાં તેમણે જણાવ્યું હતું કે સબસિડી ના મળે માટે ખેડૂતોને આ વીજ કનેકશનથી વંચિત રાખવામાં આવે છે.

**ગાંધીનગરના મે. એડી. જ્યુડી. મેજી. ફ.ક. શ્રી ડબલ્યુ આર. મલીક સાહેબની કોર્ટમાં, મુ. ગાંધીનગર.**

**અરજદારના વ.શ્રી વી. બી. મનસુરી**
**ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૩૪૦/૨૦૧૪**
**આંક : ૪**

**અરજદાર :** વ્યાસ રમણીકલાલ પરષોતમભાઈ
રહે. ૭૨૨/૧/એ, સે.નં. ૧૧, ગાંધીનગર

**વિરૂદ્ધ**

**સામાવાળા :** સબ રજીસ્ટ્રીરશ્રી જન્મમરણ,
ગાંધીનગર મહાનગરપાલિકા, સેક્ટર-૧૧, ગાંધીનગર

**વિષય : જન્મમરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ નોટીસથી જણાવવાનું કે,અરજદારના પિતા નામે 'પુરષોતમ જયશંકર વ્યાસ' તા. ૧૧/૯/૧૯૯૨ના રોજ અરજદારનાં રહેઠાણે કુદરતી રીતે અવસાન પામેલ છે. તેઓના અવસાન અંગેની નોંધણી રજીસ્ટ્રાર કચેરી (જન્મમરણ)માં શરતચુકથી રહી ગયેલ છે. જેથી સદર 'પુરષોતમ જયશંકર વ્યાસ'નો મરણનો દાખલો લેવા હુકમ થવા સારૂ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આથી કોઈપણ વ્યક્તિને કે સંસ્થાને આ અરજી સામે કોઈપણ જાતનો વાંધો તકરાર કે હરકત હોય તેમણે અત્રેની કોર્ટમાં તા. ૫/૮/૨૦૧૪ના રોજ સવારના ૧૧-૦૦ વાગે જાતે અગર તમારા માહિતગાર કરેલ વકીલશ્રી મારફત હાજર થઈ તમારા વાંધા રજૂ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવી.

આજ તારીખ : ૬ઠ્ઠી, માહે : જુલાઈ, સને : ૨૦૧૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર સહી/- (એ. એમ. રાઠોડ) આસીસ્ટન્ટ
મુકાબલ કરનાર સહી/- (વી. એ. પારેખ) સુપ્રિન્ટેન્ડન્ટ
કોર્ટનો સિક્કો
હુકમથી સહી/- (વી. જે. ઠાકર) ડેપ્યુટી રજીસ્ટ્રાર ચીફ જ્યુડી. મેજી કોર્ટ, ગાંધીનગર